# ગાંધીનગર હોસ્પિટલ આઉટ સોર્સિંગ કર્મચારીઓના હવાલે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજ બરોજ ફરિયાદોનું પ્રમાણ વધવા લાગ્યું છે તેની પાછળનું મુખ્ય પરિબળ છે. હોસ્પિટલમાં કાર્યરત આઉટસોર્સિંગ સ્ટાફ... શહેરની હોસ્પિટલમાં વર્ગ-૧થી ૪માં માત્ર ૧૨૮ કર્મચારીઓ કાયમી છે જયારે આઉટસોર્સિંગના ૨૨૯ કર્મચારીઓ સંકુલમાં વિવિધ સ્થળો પર ફરજ બજાવે છે. અત્યારે હાલના સમયે તો સરકારી કર્મચારીઓની અછતને પગલે હોસ્પિટલ આઉટસોર્સિંગના કર્મચારીઓના હવાલે હોય તેવું લાગી રહ્યું છે. જયારે આ કર્મચારીઓના રોષનો ભોગ નિર્દોષ લાભાર્થીઓ બની રહ્યા છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં લાભાર્થીઓનો ભારે ધસારો રહે છે. દર્દથી કણસી રહેલા હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલને કરોડો રુપીયા ખર્ચ કરીને અત્યંત આધુનિક ટચ આપતા ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટીસંખ્યામાં સારવાર માટે આવે છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો નથી. પરંતુ દર્દીઓ તેમજ સ્વજનોની કર્મચારીઓ પ્રત્યેની નારાજગી વધતી જોવા મળી રહી છે. કારણ કે હોસ્પિટલ આઉટસોર્સિંગના કર્મચારીઓના હવાલે છે. ગાંધીનગર હોસ્પિટલમાં વર્ગ-૧માં માત્ર એક જ અધિકારી છે. જયારે વર્ગ-૨ માં સરકારી-૩૩, વર્ગ -૩ માં સરકારી માત્ર ૮૨ જયારે જીએમઈઆરએસના-૨૬૨ અને ખાનગી એજન્સીના ૭૩, તેવી જ રીતે વર્ગ -૪માં સરકારી -૩૨ જયારે ખાનગી કર્મચારી ૧૫૬ ફરજ બજાવે છે. ગાંધીનગર હોસ્પિટલને વધુ સુવિધાયુક્ત કરવા માટે સરકાર દ્વારા જો કાયમી કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે તો હોસ્પિટલની ખરડાયેલી છબીમાં ચોકકસ સુધારો આવી શકે છે.

## કુડાસણમાં રહેતા હાઈકોર્ટના વકીલના બંગલામાં ઘરફોડ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરતા અને કુડાસણ સ્થિત વેદીકા એકઝોટીકા બંગલા નં. ૨૬માં રહેતા સુરેશચંદ્ર ગોવિંદભાઈ પટેલ તેમના દિકરાને લઈને ૨૭ સપ્ટેમ્બરે ગાંધીધામ ગયા હતા. ઘરે તેમની પત્નિ અને દિકરી હતી. રાત્રી દરમિયાન બંગલાના ઉપરના માળે રૂમના દરવાજાનું ઈન્ટરલોક તોડીને તસ્કરો મકાનમાં ઘુસ્યા અને મકાનમાંથી સોના ચાંદીના ૩૦ હજારની કિંમતના દાગીના તથા રોકડ રૂ. ૬૮ હજાર મળી કુલ રૂ. ૯૮ હજારની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સવારે વકીલના પત્નિ અને દિકરી ઉઠયા તો ઉપરના રૂમના દરવાજાનુંઈન્ટરલોક તુટેલુંઅને ઘરમાં સામાન વેર વિખેર જોયો હતો. આ મામલે વકીલની ફરિયાદ આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

# મહંતની ગાડી રાયપુર પાસેથી બિનવારસી હાલતમાં મળી

ગાંધીનગર, તા.૩૦

કલોલ તાલુકાનાં સઈજ ગામમાં સ્થિત સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં ઘુસીને મહંત ગુરુ અને તેના ચેલા બંનેની ક્રુરતાપુર્વક હત્યા કરી દેવાઈ હોવાની ઘટના બનવા પામી હતી. કુહાડી, કોદાડી અને ધારિયુ ત્રણ હથિયારો લોહીથી લથપથ હાલતમાં પડેલા મંદિરમાંથી જ મળી આવ્યા હતા. હત્યારાઓ મહંતની જ ગાડી લઈને ભાગી ગયા હતા આ ગાડી આજે બિનવારસી હાલતમાં અમદાવાદ રાયપુર વિસ્તારમાંથી મળી આવી છે. નજીકની હોટલના સીસીટીવી કેમેરા તપાસતા આ ગાડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ ત્યા પાર્ક કરી હોવાનુ જાણવા મળ્યુ છે એટલે કે મહંત અને ચેલાની હત્યા રાત્રે એકાદ વાગ્યા આસપાસ થઈ હોવાની શક્યતા છે.

**હત્યારાઓએ ગાડી રાત્રે અઢી વાગ્યે પાર્ક કરી હોવાનુ એક હોટલના કેમેરામાં દેખાયુ : ગાડીમાંથી મહંતનો લાલ રુમાલ મળ્યો : તપાસ માટે ગાડી એફ.એસ.એલમાં મોકલાશે**

સઈજ ગામનાં સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં વર્ષોથી મહંત દિલીપગીરી કૈલાશગીરી સેવા પુજા કરીને મંદિરનો કાર્યભાર સંભાળતા હતા તે મહંત અને તેમના ચેલા ઈશ્વરવન બંનેની ત્રણ દિવસ પહેલા મંદિરમાં ઘુસીને નિર્દયતાથી હત્યા કરી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. હત્યારાઓ હત્યા કરીને મહંતની જ અલ્ટો ગાડી લઈને ભાગી ગયા હતા. ત્રણ ધારદાર હથિયારો પણ મંદિરમાં જ ફેંકીને તેઓ ગયા હતા. મહંતના બે જુના ચેલાઓ પર શંકાને આધારે કલોલ ડીવાયએસપી અને એલસીબીની બે ટીમો તપાસ માટે દોડતી કરાઈ છે.મહંત દિલીપગીરીનાં અગાઉ બે ચેલા પ્રદીપ અને દિપક સાળો બનેવી હતા. થોડા મહિના અગાઉ આ બંને ચેલાઓને મહંતે કાઢી મુક્યા હતા.આ બે ચેલાઓ પર શંકાને પગલે એક ટીમ મધ્યપ્રદેશ ચિત્રકુટ રવાના કરવામાં આવી છે. તો બીજી તરફ હત્યારાઓ જે ગાડી લઈને ભાગી ગયા હતા તે મહંતની ગાડી આજે અમદાવાદ રાયપુર ખાતેથી બિનવારસી હાલતમાં મળતા પોલીસ અને એફ.એસ.એલની ટીમ રાયપુર પહોંચી હતી. ત્યાની એક હોટલના કેમેરામાં ગાડી રાત્રે અઢી વાગ્યા આસપાસ મુકાઈ હોવાનુ કેદ થયેલુ છે. ગાડીમાંથી બે મોટા રુમાલ મળ્યા છે જે મહંતના જ હોવાનુ મનાઈ રહ્યુ છે. તે ઉપરાંત પાછળની સીટમાં શંકાસ્પદ લોહીના ડાઘ મળેલા છે. તે ઉપરાંત સાઈડ મિરર પર ફિંગરપ્રિન્ટ પણ મળી છે. આ ગાડી અમદાવાદ એફ. એસ. એલમાં તપાસ માટે મોકલવા તજવીજ શરુ કરવામાં આવી છે.

## સહકાર કોલોનીમાં સામુહિક રીતે સર્વ પિતૃ અમાવાસ્યાની ઉજવણી થઈ

ગાંધીનગર શહેરના સેકટર-૨૫માં આવેલ સહકાર કોલોનીમાં આજે અનોખી રીતે સર્વ પિતૃ અમાવાસ્યાની ઉજવણી કરવામાંઆવી હતી. સહકાર કોલોનીના રહીશોએ આજે તેમના પરિવારના વડીલોના અવસાન થયા છે તેમની તસ્વીર સોસાયટીના ચોકમાં મુકી ઉપરાંત ઉરીના શહીદોને પણ શ્રધ્ધાંજલિ આપતી એક ભજન સંધ્યાનું આયોજન કરી સર્વ પિતૃ અમાવાસ્યાની ઉજવણી કરી હતી. સહકાર કોલોનીમાં સર્વ પિતૃ અમાવાસ્યાની ઉજવણી સામુહિક રીતે છેલ્લા સાત વર્ષથી કરવામાં આવી રહી છે. કાર્યક્રમનું આયોજન સહકાર સોસાયટી નવરાત્રિ સમિતિ સોસાયટીની યુવા ટીમ દ્વારા કરવામાં આવે છે.



## શહેરના મુકિતધામ ખાતે આનંદનો ગરબો યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલ મુકિતધામ હવે ફકત અંતિમક્રિયા પુરતુ મર્યાદિત ન રહી અન્ય પ્રવૃતિઓથી પણ ધમધમતુ બન્યું છે. જેમાં શ્રાધ્ધપક્ષની તેરસ તિથિએ જ મુકિતધામમાં આવેલ લાયબ્રેરીમાં આવતા વિદ્યાર્થીઓ દ્વારા મૃતાત્માઓની શાંતિ અર્થે ભાવના બેન ગોકલાણીના કંઠે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટીસંખ્યમાં ધર્મપ્રેમી બહેનોએ ઉપસ્થિત રહી હતી. ગાંધીનગર શહેરનું મુકિતધામ એક પર્યટન પોઈન્ટ તરીકે વિકાસ પામી રહ્યું છે. વિવિધ દેવી-દેવતા તેમજ સાધુ-સંતની પ્રતિમાઓને પગલે મુકિતધામમાં ધાર્મિક માહોલ જોવા મળે છે. શહેરના મુકિતધામની મુલાકાતે અનેક સહેલાણીઓ પણ આવે છે. શહેરના વિદ્યાર્થીઓ શાંત અને સુંદર વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે માટે મુકિતધામમાં લાયબ્રેરી બનાવાઈ છે. જેમાં શહેરમાં રહીને અભ્યાસ કરતા તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ લાયબ્રેરીમાં બેસીને શાંતિથી વાંચન કરી શકે છે. ત્યારે લાયબ્રેરીમાં વાંચન માટે આવતા વિદ્યાર્થીઓ દ્વારા તેરસની તિથિના રોજ મૃતાત્માઓની શાંતિ અર્થે સાંજે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધર્મપ્રેમી બહેનો મોટીસંખ્યામાં હાજર રહી હતી તેમ સામાજીક સેવક જીલુભા ધાંધલે જણાવ્યું હતું

## ગાંધીનગરમાં નવરાત્રી પહેલું નોરતુ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમના ચાચર ચોકમાં બપોરે ૧.૦૦ કલાકે માતાજીનું પ્રસ્થાપન કરાશે. ત્યારબાદ સાંજે ૫.૦૦ કલાકે માતાજીની દિવ્ય જ્યોતનું શાનદાર સ્વાગત કરાશે. છેલ્લા ૨૭ વર્ષથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના રથ સાથે દિવ્ય જ્યોતની વિધિવત સ્થાપનવિધિ યોજાશે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત સેક્ટર-૬ બાલનગરી ગ્રાઉન્ડ ખાતે નવરાત્રી મહોત્સવના પ્રથમ નોરતે ગાયક કલાકાર દર્શના ગાંધી મધુર કંઠે ગરબાના સુર રેલાવશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બરચોક ખાતે રોક સ્ટાર મ્યુઝીક પાર્ટીના ગાયક સાક્ષીબેન ગોહીલના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સેક્ટર-૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે ગણેશ કલાવૃંદના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે ગાયક નેહા પારેખ અને લક્ષ્મણસિંહ ગોહિલના મધુર કંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સેક્ટર-૩-ન્યુ દ્વારા સવારના ૯.૦૦ કલાકે સમિતિના કમલેશભાઈ બારોટના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૩/૧ ન્યુ ખાતેથી શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવશે. ત્યાર બાદ ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૦૫/૨ સે. ૩-ન્યુ ખાતે માતાજીનું સ્થાપન કરવામાં આવશે. રાત્રીના ૮.૩૦ કલાકે કીરન કલાવૃંદના ગાયક બટુકલાલ પુરિબયા મધુરકંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જ્યોતિ મહિલા મંડળ દ્વારા બપોરના ૧.૩૦ કલાકે સેક્ટર-૨૩, ખીમજી વિશરામ હોલ ખાતે ફરતા વયજૂથ મુજબની ગરબા સ્પર્ધા યોજાશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સેક્ટર-૩-સી શક્તિ ચોક ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે સરસ્વતી ગૃપ ઓફ મ્યુઝિકલના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ના નવરાત્રી ચોક ખાતે દિનેશભાઈ એન્ડ પાર્ટી નગીનભાઈ નાડિયા વાવોલના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- સેક્ટર-૧૬, સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે નવરાત્રી પર્વના પ્રથમ દિવસે સવારે ૮.૦૦ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

# સ્વચ્છતાની વાતો કાગળ પર છે, વાસ્તવિકતા જુદી છે : અંકિત બારોટ

## ઈન્દિરાનગરમાં ગટરના જોડાણ નથી મળતા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં એક તરફ સ્વચ્છતા અને સમરસતા સપ્તાહની ઉજવણીમાં સરકારનું સમગ્ર તંત્ર વ્યસ્ત છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર શૌચમુક્ત જાહેર કરવાની વાતનો પર્દાફાશ કોંગ્રેસના યુવા કાઉન્સીલર અંકિત બારોટે કર્યો છે.

બારોટે આજે આ અંગેની વિગતો જાહેર કરતાં જણાવ્યું છે કે તેમના વોર્ડ નં. ૪ના ઈન્દિરાનગર વિસ્તારમાં ૧૦૦ જેટલા શૌચાલયો બનાવી દેવાયા છે પરંતુ ગટરનું કનેક્શન નહિ અપાતા આ વિસ્તારની સ્થિતિમાં કોઈ જ ફરક પડ્યો નથી.







તેમણે આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવાયેલ પેએન્ડયુઝના જાહેર શૌચાલયો પણ ઓફિસ સમયની જેમ ચાલે છે અને આ પછીના સમયગાળામાં ત્યાં તાળાબંધી હોય તેમ તાળા લટકતાં હોય છે.

બારોટે જણાવ્યુ કે જાહેર શૈચાલયોને તાળાં મારવામાં આવે છે તેવી ફરિયાદો સંખ્યાબંધ મળી છે. આ ઉપરાંત ગટરના જોડાણ માટે વારંવાર રજુઆત પછી પણ તંત્રના કે મનપાના પેટનું પાણી હાલતુ નથી.

મનપાનું તંત્ર સંપૂર્ણ ખાડે ગયું છે. સ્વચ્છતાની એક માત્ર સેવા હોવા છતાં શહેરના આંતરિક માર્ગો આજે પણ સાફ થતા નથી. તેમણે જણાવ્યુ છે કે માત્ર કાગળ પર જાહેર શૌચમુક્ત શહેર જાહેર થયુ છે પણ વાસ્તવિકતા જુદી જ છે.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં થયેલી આંગડીયા લુંટનો ભેદ ઉકેલાયો

## ગાંધીનગર આર.આર.સેલએ બે આરોપીઓને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૩૦


ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સુચનાથી તેમની ટીમ આર.આર.સેલ આંગડીયા લુંટના બનાવો ડીટેકટ કરવા પ્રયત્નશીલ છે ત્યારે સ્કવોર્ડનાં પી.એસ.આઈ વી.યુ.ગડરીયા તથા તેમની ટીમે શંકાને આધારે બે શખ્સોને પકડીને પુછપરછ શરુ કરી હતી. પાટણનાં શકમંદ વિક્રમ પ્રભાત ઝાલા અને કટોસણનાં લતીફ મીર બંનેને કચેરીમાં બોલાવી યુક્તી પ્રયુક્તીથી પુછતાછ કરી હતી. પુછપરછ દરમ્યાન ભાંગી પડતા આંગડીયા લુંટની કબુલાત બંનેએ કરી હતી. તે બંનેએ અન્ય સાગરીત કિશન ઠાકોર સાથે મળીને જુલાઈ માસમાં અંકલેશ્વર જીઆઈડીસી નજીક એક આંગડીયા કર્મીને રોકી મરચાની ભુકી નાંખીને રુ.૫.૪૦ લાખ ભરેલી બેગ લુંટી લીધી હતી. લુંટની કબુલાત કરતા સ્કવોર્ડએ બંનેની ધરપકડ કરી લઈને વધુ તપાસ શરુ કરી છે.



# આવતીકાલે 'પીડ પરાઈ જાણે રે..' થકી પૂ. બાપુને ભાવવંદના અર્પણ કરાશે

**કલાગુર્જરી સંસ્થા દ્વારા સતત દસમા વર્ષે ગાંધીપ્રિય ભજનો તથા ગીતોના કાર્યક્રમનું આયોજન : જાણીતા ભજન ગાયિકા ભારતીબેન વ્યાસ થતા વૃંદ સુર અને શબ્દના સથવારે ભાવવંદના પ્રસ્તુત કરશે**

રવિવાર તા. ૨જી ઓકટોબર ગાંધી જયંતિનો દિવસ સમગ્ર વિશ્વ 'અહિંસા દિવસ' તરીકે ઉજવશે. ગાંધીનગરમાં દર વર્ષે કલાગુર્જરી સંસ્થા દ્વારા ગાંધીપ્રિય ભજનો તથા ગીતોનો કાર્યક્રમ 'પીડ પરાઈ જાણે રે...' યોજવામાં આવે છે. આ વર્ષેપણ આ કાર્યક્રમ સેકટર-૧૭માં ટાઉનહોલ સામેના મેદાનમાં સવારે ૬.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં નગરજનો સ્વયંભૂ રીતે સફેદ વસ્ત્રોમાં ઉપસ્થિત રહી પૂ. બાપુને ભાવવંદના અર્પણ કરશે.



સતત દસમા વર્ષે કલાગુર્જરી ગાંધીનગર દ્વારા 'પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ગાંધીજીની ૧૪૭મી જન્મજયંતિએ પણ સુર અને શબ્દના સંગમથી ગુજરાતના ખ્યાતનામ કલાકારો પૂ. બાપુની ભાવવંદના કરશે. ગુજરાતમાં ભજનગાયકીમાં મોખરાનું નામ ધરાવતા તથા દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત ભારતીબેન વ્યાસ તેમજ તેમના વૃંદ દ્વારા આશ્રમ ભજનાવલિમાં સમાવિષ્ટ ગાંધીપ્રિય ભજનો તથા ગીતો પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમની લોકપ્રિયતા એટલી બધી છે કે તેને માણવા ભાવકો સવારે ૬ વાગ્યાથી પોતાનું સ્થાન મેળવી લે છે. સ્વયંભૂ શિસ્ત અને સફેદ વસ્ત્રોની સાદગીથી સજ્જ થઈને પૂ.બાપુના નામથી જોડાયેલ ગાંધીનગરના નગરજનો તેમના વિચારો અને હૃદયમાં આજે પણ ગાંધીજી કેટલા શાશ્વત છે તેનું ઉદાહરણ પુરું પાડે છે. દર વર્ષે આ કાર્યક્રમમાં આવતા ભાવકોની સંખ્યા વધતી જાય છે. પર્યાવરણની જાળવણી માટે પૂ. બાપુએ કાગળ બચાવવા નાની ચબરખીનો પણ ઉપયોગ કરી વૃક્ષોના જતનનો ઉમદા સંદેશ પાઠવ્યો હતો. આ સંદેશને અનુસરીને કલાગુર્જરી દ્વારા આ કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ છપાવવામાં નથી આવતા છતાં તેમાં મોટી સંખ્યામાં નાગરિકો સ્વયંભૂ રીત ઉમટી પડે છે. જે આ પૂ. બાપુ પ્રત્યેનો અબાલવૃધ્ધ સૌ કોઈમાં રહેલો ગાંધી પ્રેમ પ્રદર્શિત કરે છે. આ કાર્યક્રમ સ્થળે પૂ. બાપુની ભાવવંદના ઉપરાંત ગાંધી સાહિત્ય, ચરખા વગેરેનું વેચાણ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂ. ગાંધીબાપુને ભાવવંદના અર્પણ કરવા સહભાગી થવા કલાગુર્જરી ગાંધીનગર દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.



## શેરી નવરાત્રિની તૈયારીને આખરી ઓપ

'ગરબે રમવા આવો માડી ચાચર ચોકમાં..' શહેરમાં નવરાત્રિની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પરંપરાગત શેરી ગરબાના આયોજકો દ્વારા મોડી રાત્રિ સુધી નવરાત્રિ ચોક તથા માંડવી વગેરેને સજાવવા અથાગ કાર્ય કરાઈ રહ્યું છે. ગુજરાતના સૌથી લોકપ્રિય ઉત્સવમાં દરેક વ્યકિત પોતાની શ્રધ્ધા, આસ્થા અને ભકિતથી યથાશકિત યોગદાન આપી રહ્યો છે. ગાંધીનગરના ગુડા વિસ્તારના શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે પણ પ્રતિ વર્ષ પરંપરાગત શેરી નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાય છે જે અંતર્ગત સોસાયટીના સભ્યો ચાચર ચોકને સજાવવા તડામાર તૈયારીઓ કરી રહેલા નજરે ચઢે છે.

# વૈષ્ણવાચાર્યા પૂજ્ય ઈન્દિરા બેટીજીના નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૩૦

માંજલપુર વ્રજધામ મંદિરના સંસ્થાપક વૈષ્ણવાચાર્ય પૂજ્ય ઈન્દિરા બેટીજીના દુઃખદ નિધનના સમાચાર જાણી ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે પૂજ્ય ઈન્દિરા બેટીજીના સ્વર્ગવાસથી આધ્યાત્મિક જગતે અને ખાસ કરીને વૈષ્ણ સમાજે એક પ્રખર જ્ઞાની વૈષ્ણાવાચાર્યાને ગુમાવ્યા છે.

ઈશ્વર દિવંગતને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને તેમના વિશાળ અનુયાયી-ભકતગણને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

**રક્તદાન મહાદાન**

## એવોર્ડ અપાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પસંદ થયેલી ૩૫ શાળાઓમાં ગાંધીનગર તાલુકાની ૭, કલોલની ૭ અને દહેગામની ૮ તથા માણસાની ૧૩ શાળાઓનો સમાવેશ થાય છે. આમ સ્વચ્છતા વિદ્યાલયની સ્પર્ધામાં માણસા તાલુકાએ મેદાન માર્યુ છે.

દરમ્યાન આજે જિલ્લા શિક્ષણ સમિતિ અને મેલેરિયા તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પોરાશોધક સ્પર્ધાનો જિલ્લાની શાળાઓમાં સારો પ્રતિસાદ મળ્યો હતો. ચિલોડા(બારૈયા), ઝીંડવા, આનંદપુરા, શેરીસા, માણસા કન્યા વિદ્યાલય, જલુન્દ્રામોટા, કડાદરા સહિત સંખ્યાબંધ શાળાઓમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ ઉપરાંત મોતીપુરા(દહેગામ) ખાતે બાળકોની સ્વચ્છતા-સમરસતા અંગેની ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## રાજ્યોને હુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બેઠકને પણ ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજનાથસિંહે આજે પણ દિવસ દરમ્યાન બેઠકોનો દોર જારી રાખ્યો હતો. જેમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી), નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને સીઆઈએસએફ સહિત સુરક્ષા સંસ્થાઓના વડા સાથેની બેઠકનો સમાવેશ થાય છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ રૂટીન બેઠક હતી પરંતુ એલઓસીમાં સેનાના સર્જિકલ હુમલાના સંદર્ભમાં બેઠક મહત્વપૂર્ણ હતી. રાજનાથસિંહ સીઆઈએસએફના ડિરેકટર જનરલ ઓ.પી. સિંહને પણ મળ્યા હતા. એનડીઆરએફના ડિરેકટર જનરલ આર.કે. પંચનાડા, એનએસજી વડા સુધિર પ્રતાપસિંહ સાથે પણ બેઠક યોજી હતી.

## મોદી લહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એ વખતે મોદીની સાથે પ્રજા દેખાઈ હતી. એ વખતે લોકોનુ લાગી રહ્યુ હતુ કે જો કોઈ પાકિસ્તાનને બોધપાઠ ભણાવી શકે છે તો તે નરેન્દ્ર મોદી છે. સર્જિકલ સ્ટ્રાઈકથી મોદીની ક્ષમતા પર મહોર લાગી ગઈ છે. છેલ્લા બે વર્ષના ગાળા દરમિયાન અસહિષ્ણુતાથી લઈને દલિત શોષણ અને અત્યાચાર સુધીના કેટલાક મુદ્દા પર સરકાર હાલમાં ભીંસમાં હતી. સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા કે કોઈ રીતે ગાડી ટ્રેક પર આવી શકે. પરંતુ સ્થિતી સુધરી રહી ન હતી. જો કે હવે સ્થિતીમાં જોરદાર સુધારો થયો છે. મોદી ફરી એકવાર લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી ગયા છે. એલઓસી પાર ઓપરેશનનો સીધો લાભ નરેન્દ્ર મોદી અને ભાજપને આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં થઈ શકે છે. રાજકારણમાં આટલા જોખમને લેવા માટે કોઈપણ વ્યક્તિ તૈયાર થતા નથી. આના જ કારણસર મુલાયમસિંહ યાદવ અને કેજરીવાલ જેવા મોદીના તીવ્ર વિરધીઓ પણ સૌથી પહેલા લશ્કરી કાર્યવાહીને યોગ્ય ઠેરાવનારમાં સામેલ થઈ ગયા છે. એલઓસી પાર ઓપરેશન બાદ ફરી એકવાર સામાન્ય લોકોમાં નરેન્દ્ર મોદીને લઈને આત્મવિશ્વાસ જાગી ગયો છે.